### કેફેમાં MD ડ્રગ્સ વેચાય છે તેવો વીડિયો વાયરલ કરવાની ધમકી આપી હતી

# તમન્ના અને તેના પતિ સોહેલ સૈયદે ફતેગંજના કેફે સંચાલક પાસે રૂ.૨ લાખની ખંડણી માંગી

**MD ડ્રગ્સ-ગાંજાના** વેચાણના આક્ષેપો કરતો વીડિયો વાયરલ કરનાર મહિલા સામે સતત ત્રીજી ફરિયાદ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૧
આજવા રોડ ઉપર મહાવીર હોલ પાસે આવેલી કિસ્મત કોલોની માં રહેતા મહમંદ ઝેદ અયાઝ શેખે નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ વર્ષ 2019થી લક્ષ્ય કોમ્પ્લેક્ષની દુકાન નં. G/F/04-05માં ઈનવિઝીબલ નામથી કેફે ચલાવે છે. 3 ઓગસ્ટના રોજ કેફે માલિકે તેમને ફોન કરીને સોશિયલ મીડિયા પર મૂકવામાં આવેલો એક વીડિયો બતાવ્યો હતો. આ વીડિયોમાં લક્ષ્ય કોમ્પ્લેક્ષના કેફેમાં MD ડ્રગ્સનું વેચાણ થતું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. જે વીડિયોની તપાસ કરતા આ વીડિયો તમન્ના સૈયદ નામની મહિલાએ તેના પોતાના સોશિયલ મીડિયા આઈડી પર મૂક્યો હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ તેમણે તમન્ના સૈયદનો સંપર્ક કરી વીડિયો અંગે વાત કરી હતી. તમન્ના સૈયદે કેફેનું નામ જાહેર નહીં કરવા માટે રૂ.2 લાખની માંગણી કરી હતી. જો પૈસા નહીં આપવામાં આવે તો કેફેના નામ સાથે વધુ વીડિયો બનાવી સોશિયલ મીડિયા પર વાયરલ કરીને બદનામ કરવાની ધમકી આપવામાં આવી હોવાનો પણ આક્ષેપ કરવામા આવ્યો છે. ફોન પર વાતચીત દરમિયાન તમન્ના સૈયદનો પતિ સોહીલ સૈયદ પણ તેની બાજુમાં હાજર હતો અને તેણે હિન્દીમાં પૈસા આપવા અંગે દબાણ કર્યું હતું. તેમજ પૈસા નહીં આપે તો વીડિયો વાયરલ થઈ જશે તેવી ધમકી આપી હતી. કેફે સંચાલકે જણાવ્યું હતું કે મારા કેફેમાં કોઈપણ પ્રકારના ડ્રગ્સનું વેચાણ થતું નથી. તેમ છતાં કેફેને બદનામ કરવાની ધમકી આપી પૈસાની માંગણી કરવામાં આવી હતી. તેમણે તમન્ના સૈયદ અને સોહીલ સૈયદ વિરુદ્ધ કાયદેસરની તપાસ અને કાર્યવાહી કરવાની માંગ સાથે સયાજીગંજ પોલીસ સહીતના અધિકારીઓ માંગણી કરી છે. હવે સયાજીગંજ પોલીસમથકે ત્રીજી ફરિયાદ નોંધાઈ છે. શહેરના અલગ-અલગ વિસ્તારોમાં MD ડ્રગ્સ, ગાંજા સહિતના નશીલા પદાર્થોનું વેચાણ થતું હોવાના આક્ષેપો કરતો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરનાર તમન્ના સૈયદ સામે વધુ એક ફરિયાદ નોંધાઈ છે. અગાઉ જે.પી. રોડ સાયબર પોલીસ બાદ હવે સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ત્રીજી ફરિયાદ નોંધાતા મામલો ચર્ચામાં આવ્યો છે. ફરિયાદ મુજબ, સોશિયલ મીડિયા આઈડી પરથી વીડિયો બનાવી ચોક્કસ સ્થળોએ નશીલા પદાર્થોનું વેચાણ થતું હોવાના આક્ષેપો કરવામાં આવ્યા હતા. જોકે, પોલીસ તપાસમાં દર્શાવાયેલા સરનામે નશીલા પદાર્થોનું વેચાણ થતું ન હોવાનું સામે આવ્યું હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. ખોટા આક્ષેપોના કારણે પોલીસને તપાસ માટે દોડધામ કરવી પડી હતી.

## એડવોકેટ હિતેશ ગુપ્તાના સમર્થનમાં વડોદરાના યુવાનો મેદાનમાં ઉતર્યા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11
સંખેડા પોલીસ સ્ટેશનમાં એડવોકેટ હિતેશ ગુપ્તા વિરુદ્ધ નોંધાયેલી દુષ્કર્મની ફરિયાદ બાદ હવે વડોદરાના યુવાનો તેમના સમર્થનમાં આગળ આવ્યા છે. યુવાનો દ્વારા આ ફરિયાદને ખોટી ગણાવી પોલીસની કાર્યવાહી સામે વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો છે. ખોટી ફરિયાદ દાખલ કરવામાં આવી હોવાના આક્ષેપ સાથે યુવાન સોહેલ પટેલે જણાવ્યું હતું કે, એડવોકેટ હિતેશ ગુપ્તા છેલ્લા ઘણા સમયથી કાયદાકીય ક્ષેત્રે અસરકારક રજૂઆત કરીને નામના મેળવી ચૂક્યા છે. યુવાનોએ આક્ષેપ કર્યો કે હિતેશ ગુપ્તા સામે થયેલી દુષ્કર્મની ફરિયાદ હકીકતોની તપાસ કર્યા વગર નોંધવામાં આવી છે. જે ખૂબ જ ગંભીર બાબત છે. મામલાની નિષ્પક્ષ અને પારદર્શક તપાસ થાય તેવી તેમણે માંગ કરી છે.

### મુખ્યમંત્રીએ વડોદરા મહાનગરપાલિકાના પદાધિકારીઓને પ્રથમ તબક્કાના ચેકની પ્રતિકૃતિ અર્પણ કરી

# રાજ્ય સરકાર દ્વારા માળખાકીય સુવિધાઓ અર્થે વડોદરાને રૂા. ૨૮૫ કરોડની ગ્રાન્ટ



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૧
ગુજરાત રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના સર્વાંગી વિકાસને વેગ આપવાના ઉદ્દેશથી ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને રૂ. ૩૭૫૦ કરોડની રકમના ચેક અર્પણ સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહમાં વડોદરા મહાનગરપાલિકાના પદાધિકારીઓ દ્વારા મંજૂર થયેલ કુલ રકમ પૈકી પ્રથમ તબક્કાની રૂ. ૨૮૫ કરોડની રકમના ચેકની પ્રતિકૃતિ અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈ, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, તેમજ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. વડોદરા મહાનગરપાલિકાને વર્ષ ૨૦૨૬-૨૭માં આંતર માળખાકીય સુવિધાઓ માટે મંજૂર થયેલ રૂ. ૨૫૩ કરોડ તથા આઉટગ્રોથ વિસ્તાર માટે મંજૂર થયેલ રૂ. ૧૧૫ કરોડ મળી કુલ રૂ. ૩૬૮ કરોડમાંથી રૂ. ૨૮૫ કરોડના પ્રથમ તબક્કાની ગ્રાન્ટનો ચેક મુખ્યમંત્રીના હસ્તે મેયર ગીતાબેન મકવાણા અને મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ સહિતના અગ્રણીઓને એનાત કરવામાં આવ્યો હતો.

### વડોદરા ગ્રામ્ય LCBની ટીમે ફિલ્મી ઢબે કન્ટેનરનો પીછો કર્યો, ડ્રાઇવર કન્ટેનર મૂકી ફરાર

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર કન્ટેનરમાંથી રૂા. ૫૧.૬૧ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.11
વડોદરા ગ્રામ્ય જિલ્લામાં દારૂની ગેરકાયદેસર હેરાફેરી સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. ઓપરેશન પરાક્રમ અંતર્ગત લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર શંકાસ્પદ કન્ટેનર જોવા મળ્યુ હતુ. એલસીબીની ટીમને જોઈ ચાલકે કન્ટેનર ભગાડ્યું હતું પોલીસે પીછો કરી તેને ઝડપી પાડ્યો હતો. જોકે, પોલીસનો પીછો જોઈ કન્ટેનર ચાલક વાહન રોડની સાઈડમાં મૂકીને ફરાર થઈ ગયો હતો. કન્ટેનરની તપાસ કરતા તેમાંથી રૂ.51.61 લાખનો બોટલ-ક્વાર્ટર તથા બીયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે દારૂ સહિત કન્ટેનર મળી રૂ.61.61 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

વડોદરા ગ્રામ્ય LCBની ટીમ કરજણ તથા પાદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર પ્રોહિબીશન અંગે પેટ્રોલિંગમાં હતી. દરમિયાન ભરૂચથી વાસદ તરફની ટ્રેક પર પાદરા નજીકના ટોલનાકા પાસે બંધ બોડી ટાટા કન્ટેનર શંકાસ્પદ જણાતા LCB ટીમે તેનો પીછો શરૂ કર્યો હતો.પોલીસે પીછો કરતા કન્ટેનર ચાલકે ઝડપથી વાહન હંકારી દોડકા ટોલનાકા પરથી યુ-ટર્ન લીધો હતો અને દિલ્હીથી મુંબઈ તરફ જતી ટ્રેક પર ભાગવા લાગ્યો હતો. LCB ટીમે તેનો પીછો ચાલુ રાખતા કન્ટેનર પાદરા અને કરજણ



વિસ્તાર પસાર કરીને આગળ નીકળી ગયું હતું.

પોલીસનો પીછો સતત ચાલુ રહેતા કન્ટેનર ચાલકે બોડકાથી સાપા તરફ જવાના ઓવરબ્રિજથી આશરે 500 મીટર પહેલાં કન્ટેનર રોડની સાઈડમાં ઊભું કરી દીધું હતું અને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. કન્ટેનરમાંથી અલગ-અલગ માર્કાનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે ગણતરી કરતા કુલ 379 પેટીમાંથી 8,772 બોટલ,ક્વાર્ટર તથા બીયરના ટીન મળી આવ્યા હતા. આ દારૂના જથ્થાની કિંમત રૂ.51 61 લાખ અને રૂ.10 લાખની કિંમતનું ટાટા કન્ટેનર સહિત પોલીસે રૂ.61.61 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.કન્ટેનર મૂકીને ફરાર થયેલા ડ્રાઈવર તેમજ વિદેશી દારૂનો જથ્થો મોકલનાર અને મંગાવનાર અજાણ્યા ઈસમો વિરુદ્ધ કરજણ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે.

## મકરપુરામાં ટ્રકમાંથી ૮૭૦ કિલો લોખંડના સળિયા સગેવગે કરાયા


(પ્રતિનિધિ) વડોદરા તા.11
ગોત્રી વિસ્તારમાં રહેતા રોહન રમેશભાઈ બન્સલે નોધાવેલી ફરિયાદ મુજબ હ 5 ઓગસ્ટના રોજ રાત્રે આશરે 12:45થી વહેલી સવારે 4 વાગ્યા દરમિયાન ટ્રકમાં લોખંડના સળિયા ભરેલા હતા. ટ્રકનું મકરપુરા GIDC ખાતે વજન કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ આરોપીઓ ટ્રકના ડ્રાઈવરનો વિશ્વાસ કેળવી ટ્રકને તરસાલી ખાતે આવેલી રીધમ બંગ્લોઝની સાઈટ તરફ લઈ ગયા હતા.રીધમ બંગ્લોઝની સાઈટ પર ટ્રકમાંથી 12 ભારી લોખંડના સળિયા ઉતારવામાં આવ્યા હતા. આ સળિયાનું કુલ વજન આશરે 870 કિલો અને કિંમત અંદાજે રૂ.45 હજાર છે. સળિયા ઉતારવાની કામગીરીમાં મજૂરો સહિતના કેટલાક શખ્સોએ મદદ કરી હતી.સાઈટ પર હાજર સિક્યુરિટી ગાર્ડે પણ એક વ્યક્તિના કહેવાથી ટ્રકમાંથી લોખંડના સળિયા ઉતારવાની કામગીરીની દેખરેખ રાખી હતી. સમગ્ર ઘટનામાં આરોપીઓએ લોખંડના સળિયા બારોબાર સગેવગે કર્યા છે.


# ઉંડેરા વિસ્તારની પરિણીતાએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.11
ઉંડેરા વિસ્તારમાં રહેતી 31 વર્ષીય પરિણીતાએ પતિ સહિતના સાસરીયાના પ્રાર્થના કારણે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જેના પગલે મૃતકના ભાઈએ તેના પતિ તથા સાસુ-સસરા સામે દહેજની માંગણી, શારીરિક-માનસિક ત્રાસ અને ધમકી આપ્યાના ગંભીર આક્ષેપો સાથે પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેથી પોલીસે પતિ સહિતના સાસરીયા સામે આપઘાત કરવા દુષ્પ્રેરણા આપ્યા નો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. મૃતકના પગ પર આપઘાત પહેલાં લખાણ લખેલું હતુ.

ઉત્તરપ્રદેશના કાસગંજ જિલ્લાના અનિલકુમાર જાટવની બહેન સીમાના લગ્ન 22 જૂન, 2023ના રોજ હાથરસ જિલ્લાના સુધીરકુમાર અનેકસિંહ સાથે થયા હતા. સુધીરકુમાર વડોદરા ખાતે આવેલી રિલાયન્સ કંપનીમાં નોકરી કરતો હોવાથી લગ્ન બાદ સીમા પણ પતિ સાથે વડોદરા આવીને રહેતી હતી. તેમને આદિતી નામની આશરે આઠ મહિનાની પુત્રી છે. મે-2026માં સુધીરકુમારે પ્લોટ ખરીદવા માટે રૂ.2 લાખની માંગણી કરી હતી. આ રકમ સીમાના પિયરમાંથી લાવવા માટે પતિ તેમજ સાસુ-સસરો દ્વારા દબાણ કરવામાં આવતું હોવાની વાત સીમાએ પરિવારજનોને જણાવ્યુ હતુ. ત્યારબાદ પતિ દ્વારા સીમાને શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાનો પણ આક્ષેપ કર્યો છે.

8 ઓગસ્ટના રોજ સુધીરકુમારે સીમાના ભાઈને મેસેજ કરીને સીમાને મોબાઈલ ફોન રિપેર કરાવી આપવા કહેવું અને તેમ નહીં કરે તો તેને મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ 9 ઓગસ્ટે સુધીરકુમારે સીમાના ભાભીને ફોન કરીને સીમાએ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાનું જણાવ્યું હતું.મૃતકના પરિવારજનો વડોદરા પહોંચ્યા બાદ એસ.એસ.જી. હોસ્પિટલમાં સીમાની લાશ રાખવામાં આવી હતી.પરિવારજનોના જણાવ્યા મુજબ, સીમાના ડાબા પગ પર હિન્દી ભાષામાં પતિ અને તેના પરિવારજનોના ત્રાસ અંગે લખાણ જોવા મળ્યું હતું. આ લખાણને પગલે પરિવારજનોએ પતિ સુધીરકુમાર ઉપરાંત સાસુ શીલાદેવી અને સસરા અનેકસિંહ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી હતી. જેથી પોલીસે તેમની ફરિયાદના આધારે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.






ગુજરાતમિત્ર વડોદરા આવૃત્તિને ૩૧મા વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક અભિનંદન...